# ગીતામાં કર્મયોગ એક અધ્યયન

માલજી એન. સોલંકી

## ૧. પૂર્વભૂમિકા

કર્મ એટલે શું? તો મનુષ્ય જન્મથી મૃત્યુ પર્યન્ત જે કર્મને વશ (બંધાયેલો)છે મનુષ્ય પોતાના જીવનકાળ દરમ્યાન જે કંઈ કર્તવ્યકર્મ કરે છે. તે જ સાદી ભાષામાં કર્મ કહેવાય છે. અને તેજ મનુષ્યનો ધર્મ પણ છે. પ્રાચીન વૈદિક ધર્મ પ્રમાણે યજ્ઞયાગને કર્મ કરે છે. જેમિનિના મત પ્રમાણે વૈદિક અથવા શ્વોતસ્માર્ત કર્મ કરવા તેજ આપણો મુખ્ય અને પ્રાચીન ધર્મ છે. તેથી મનુષ્ય જે કઇ કહે છે તે યજ્ઞ માટે કહે છે. મનુષ્ય દ્રવ્ય મેળવે છે તે પણ યજ્ઞ માટે જતેમ સમજવાનું પજ્ઞકર્મ કરવો એવી વેદની આજ્ઞા છે. તેથી યજ્ઞને માટે કહેલું ગમે તે કર્મ હોય તે મનુષ્યને સ્વતંત્ર રીતે બંધન થતું નથી જગતના બધાજ ધર્મો પોતાની પ્રારંભિક અવસ્થામાં વિધિપ્રધાન હોય છે. માનવીની ધર્મ અંગેની સૂઝ જેમ જેમ વધતી જાય છે તેમ તેમ વિધિની પકડ ઘટતી જાય છે. અને માનવી વિધિ કરતા ભગવાનને મહત્વ આપવા લાગે છે.

સંહિતાઓમાં અહીં પક્ષાવિધિ હતી પરંતુ બ્રાહ્મણગ્રંથોમાં યજ્ઞવિધિનું મહત્વ વધ્યું કેટલી વખત તો આ યજ્ઞો વર્ષો સુધી ચાલતા અને ધીરે ધીરે પણ એ જ ધર્મ એવો ભાવ ઉત્પન્ન થયો તેથી આવા પક્ષો માટે પાછળના વૈદિક સાહિત્યમાં નફરત જોવા મળે છે. પરંતુ ભગવદ્ગીતાએ યજ્ઞને અધ્યાત્મિકતા અર્પી પોતાના 'કર્મયોગ' સિદ્ધાંતનો દૃઢ પાયો નાખ્યો કહેવાય છે કે. આજથી પાંચ હજાર વર્ષ પહેલાં મહાભારતના યુદ્ધમાંમ યુદ્ધ કરવાના નિશ્ચયથી ઉભેલો અર્જુન સામા પક્ષે પોતાના વડીલો અને ગરુજનોને જોઇને આસકત થઇ રણભૂમિના મેદાનમાં બેસી જાય છે. ત્યારે તેને ઉભો કરવા અર્થાત યુદ્ધ માટે તૈયાર કરવા શ્રીકૃષ્ણ 'કર્મયોગ' ગાઈ સમજાવે છે. તેજ કર્મયોગ આજના આ આધુનિકરણના અર્જુનને ઉભો કરવા માટે પણ તેટલો જ ઉપયોગી નિવડે છે. જેનું વિશેષ અધ્યયન આ પ્રમાણે છે. ભગવદ્ ગીતામાં ત્રણ હેતુસર કર્યો કરવાનું કહેવામાં આવ્યું છે શરીરની યાત્રા માટે, યશ માટે તેમજ લોકસંગ્રહ માટે

## ૨. કર્મની અનિવાર્યતા (શરીરયાત્રા માટે)

માનવી અસંખ્ય જરૂરિપાતોવાળું પાણી છે. તે પોતાની જરૂરિયાતો સંતોષવા માટે કંઇકને કઇક પ્રવૃતિઓ કરે છે. સામાન્ય રીતે જોઇએ તો માનવી પોતાના શરીરના નિર્વાહ(ખાવું પીવું) વગેરે માટે તો કર્મ કરવા એક ફરજ બને છે તેથી કોઇ પણ મનુષ્ય પોતાની કોઇ પણ અવસ્થામાં ક્ષણમાત્ર પણ કર્મ કર્યા વિના રહેતો નથી. તેથી ગીતાના 'કર્મયોગ' વડે આ મનુષ્યલોકને સતત કર્મ કરવા પ્રેરણારૂપ બની રહે છે. જેમ કે તે સુતેલાને બેઠો કરે છે. બેઠેલાને ઉભો કરે છે. ઉભેલાને દોડતો કરે છે, જે અત્યારના આ વર્તમાન સમયમાં યોગેશ્વર કાર્યમાં જોડાયેલા મનુષ્યો તેનું સાક્ષાત ઉદાહરણ છે. તેથી ભગવદ્ ગીતામાં કહેવામાં આવ્યું છે કે -

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायोधकर्मणः ।
शरिरयात्रापि च ते न प्रसिदध्येदकर्मण: ।। (ગીતા ૩-૮)

“હું (શરસ્તો) નક્કી કરેલા (સ્વધર્મરૂપ) કર્મને કહું : કેમ, કર્મ ન કરવા કરતાં કર્મ કરવું શ્રેષ્ઠ છે, અને કર્મ વગર તો તારો શરીરનિર્વાહ પણ સિદ્ધ થશે નહિ"

ભગવદ્ ગીતામાં કર્મયોગ શ્રેષ્ઠ છે. માટે મુમુક્ષુઓ જ્ઞાનેન્દ્રિયોનો નિષ્ડ કરી નૈષ્કર્મો સિદ્ધ માટે આવશ્ય કર્મ કરવા જોઇએ કર્મ ન કરવા કરતાં કર્મ કરવું એ અધિક સારું છે. કારણ કે કર્મ ન કરવાથી તો મનુષ્યનો શરીર નિર્વાહ પણ શક્ય નથી તેથી શસ્ત્રોમાં નક્કી થયેલા કર્મો કરવા એ મનુષ્યનો ધર્મ છે. વળી તેથી જ તો 'ઈશાવાસ્યઉપનિષદ'માં પણ કર્મનો મહિમા ગતિમાં વર્ણવતાં કહેવામાં આવ્યું છે.

कुर्वन्नेवेद ह कर्माणिजिजी विशेच्छतं समाः।
एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे:।। (ઈશાવાસ્યઉપનિષદ -૨)

"અહી (આજગત)માં મનુષ્ય કર્મ કરતાં કરતાં એ (૧૦૦) વર્ષ જીવવાની ઈચ્છા રાખવી જોઈએ અને મનુષ્ય કર્મનો લેપ નહિ સ્પર્શે આનાથી બીજો કોઈ ઉપાય નથી'

### ૩. ગીતામાં યજ્ઞાર્થ કર્મો

આ જગતમાં બીજાઓને સુખ પહોંચાડવા તથા તેઓનું હિત કરવા માટે જે પણ કઇ કર્મો કરવામાં આવે છે. તે બધાજ યજ્ઞાર્થ કર્મો છે.પક્ષ એટલે કર્તવ્યપાલન અને કર્તવ્યપાનથી યજ્ઞ થાય છે. અને કર્મ એ આ સૃષ્ટિચક્રનું મૂળ છે.

अन्नादभवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः॥
यसाद् भवति पर्जन्यो यज्ञ : कर्मसमुद्रभवः ।।

આમ આ જગતચક્રની પ્રવૃતિનું કારણ કર્મ છે માટે જ વેદવિહિત કર્યું પણ કરવા જોઈએ આ યજ્ઞાદિ કર્મ કેવળ તિલ તડુંલ વગેરે અગ્નિમાં હોમવા માટે અથવા કેવળ સ્વર્ગની પ્રાપ્તિ માટે જ નથી હોતા પરંતુ યજ્ઞ કર્મ ઉપર આ આખું જગત કેવી રીતે અવલંબી રહ્યું છે તેનો અહી ખુલાસો કરવામાં આવ્યો છે. જેમ મનુષ્યે ખાધેલા અન્નમાંથી રક્ત તથા વિષે ઉત્પન્ન થાય છે. અને તેમાંથી સમગ્ર પ્રાણીઓના સ્થૂળ શરીરો ઉત્પન્ન થાય છે. વૃષ્ટિથી અન્ન ઉત્પન્ન થાય છે. તેજ રીતે અગ્નિહોત્રી વગેરે યજ્ઞોથી (વૃષ્ટિ) વરસાદ ઉત્પન્ન થાય છે. અને ઋત્વિજ તથા યજમાનના વ્યાપારરૂપી યજ્ઞક્રિયાથી અર્થાત યાગ, હોમ, ધન, વગેરે કર્મોથી જ પજ્ઞ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે આ સૃષ્ટિનું ચક્ર પણ 'કર્મયોગ" પર નિર્ભર છે.

મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે "અગ્નિમાં વિધિપૂર્વક હોમેલી ની આહુતિ સૂર્યને પ્રાપ થાય છે. સૂર્યથી વૃષ્ટિ, વૃષ્ટિથી અન્ન તથા અન્નથી પ્રજા ઉત્પન્ન થાય છે. ' (મનુસ્મૃતિ૩-૭૬) આમ, જ્યાં નિષ્કામ ભાવથી પોતાના કૉર્મનું પાલન કરવામાં આવે છે. ત્યાં પરમાત્મા રહે છે પરંતુ મનુષ્ય યજ્ઞકર્મ કરતો નથી તેમજ પોતાના કર્તવ્હર્મનું ચલન કરતો નથી તે ચોર છે. (ગીતા- ૩-૧૨)

### ૪. લોકસંગ્રહાર્થે કરેલા કર્મો

લોક શબ્દ સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ આમ ત્રણેય લોકનો વાચક છે. આ ત્રણેય લોકની મર્યાદા સ્થિર કરવા માટે કર્મ કરવુ તે લોકસંગ્રહ છે. આ લોકસંગ્રહ મનુષ્યને જ આધિન છે કેમ કે મનુષ્ય જીવનમાં કરેલા કર્મોના ફળરૂપે જ આ સ્વર્ગ મૃત્યુ અને પાતાળ ત્રણેય લોક થાય છે. જેને લોકો આદરથી જુએ છે. આદર્શ માને છે. જેના આચરણો તથા વચનોથી લોકો ઉન્માર્ગથી બચીને સન્માર્ગે ચાલે એવા શ્રેષ્ઠ કર્મો ભગવાન અર્જુનને કરવા કહે છે. જેથી જગત તેને આદરથી જુએ અને તેનું અનુકરણ કરે આવા કર્મો તેજ લોકસંગ્રહ છે.

#### *૪.૧ સાધક વડે લોકસંગ્રહ*

ગીતાના ત્રીજા અધ્યાયમાં અર્જુનને સાધકમાત્રનો પ્રતિનિધિ બનાવીને કહ્યું છે કે હે અર્જુન હવે અસંગ રહીને કર્મ કરનાર મોક્ષ પામે છે. એ અર્થ દઢ કરવા માટે જનક અજાતશત્રુ અશ્વપતિ, ભગીરથ વગેરે રાજાઓ નિષ્કામ કર્યુ વડે જ મોક્ષ પ્રાપ્તિ માટે પ્રવૃત થયા હતા. અથવા નિષ્કામ કર્મથીજ અંતઃકરણની શુદ્ધિ દ્વારા જ્ઞાનનિષ્ઠાને પામ્યા હતા. તેથી તેમના

જેવા શિષ્ટ પુરુષોના આચરણને પ્રમાણ માની તેના શ્રેય માટે તેમજ ઈશ્વરાર્થે વિકર્મો કરવા પોગ્ય છે. અર્થાત અન્ય લોકોના ઉદાહરણ રૂપે તેમને (લોકો)ને પોતપોતાના સ્વધર્મમાં પ્રવૃત્ત કરવા તથા તેમને ઉલટામાર્ગથી નિવૃત કરવા માટે અર્જુનને કર્તવ્યો કરવા કહેવામાં આવ્યું છે. લોકસંગ્રહનું તાત્પર્ય છે. લોકમર્યાદા સુરક્ષિત રાખવા માટે લોકોને અસતથી વિમુખ કરીને સતની સન્મુખ કરવા માટે નિઃસ્વાર્થપૂર્વક કર્મ કરવું તેજ યજ્ઞાર્થકમ ગીતામાં કહ્યું છે.

### *૪.૨ સિદ્ધ વડે લોકસંગ્રહ*

હવે લોકસંગ્રહ કોણે તથા શા માટે કરવો તેના વિશે ગીતાના કર્મયોગમાં કહેવામાં આવ્યું છે કે જાતિ, ફળ, વિદ્યા, આચાર વગેરેથી શ્રેષ્ઠ ગણાતો પુરુષ જે જે કર્મ કરે છે. તે કર્મને બીજા સાધારણ મનુષ્યો પણ કરે છે. ( ગીતા-૩.૨૧). માટે અર્જુન ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ છે તેથી સર્વમાં પ્રધાનરૂપ એવા તારા આચરણને બધાજ ક્ષત્રીઓ સર્વકાળે પ્રમાણ માનીને તેનું અનુસરણ કરશે તેથી લોકસંગ્રહ તથા તારું શ્રેષ્ઠ એ બંને દષ્ટિથી અર્જુનને કર્મ કરવું હિતકારક અને શ્રેષ્ઠ છે.

### *૪.૩ ભગવાન વડે લોકસંગ્રહ*

ભગવદ્ ગીતાના કર્મયોગમાં કર્મનો મહિમા ગાતા શ્રીકષ્ણ ભગવાને પોતે કરલાં લોકસંગ્રહ કર્મો વિશે કહે છે કે

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन।
नानवाप्तमभवाप्तव्यं वर्त एव च कर्मणि । (गीता-३,२२)

ભગવતગીતાના કર્મયોગ'માં કર્મનો મહિમા સમજાવતાં ભગવાને પોતે કરેલા લોકસંગ્રહ માટેના તર્કોનું નિર્દેશન કરતાં કહે છે. કે મારે કાંઇ પણ કર્તવ્ય નથી જેમ ઘરના સ્વામીને ઘરમાં રહેલા સર્વ પદાર્થો પ્રાપ્ત છે તેમ સમસ્ત બ્રહ્માંડના સ્વામી એવા મને બ્રહ્માંડમાં રહેલા સર્વ પદાર્થો પામ જ છે. કોઇ પણ પદાર્થ મને અપ્રાપ્ત નથી છતાં પણ લોકસંગ્રહરૂપ કર્મો વિશે પ્રવૃત રહે છે અને કર્મનો પરિત્યાગ કરતો નથી તેમ અર્જુનને પણ ભગવાન પોતાનું અનુસરણ કરી કર્મ કરવાનું કહે છે, જેથી આ જગતના લોકો તને એટલે કે(અર્જુન) ને અનુસરીને કર્મ કરે એવો અહીં અભિપ્રાય વ્યકત કરે છે. આમ પોતાના માટે કર્તવ્પ ન હોવા છતાં પણ ભગવાન કેવળ બીજાઓના હિતને માટે અવતાર ધારણ કહે છે. અને સાધુ પુરુષોના ઉદ્ધાર, પાપી પુરુષોનો વિનાશ તથા ધર્મની સંસ્થાપના કરવા માટે કર્મ કરે છે, તેમ દરેક મનુષ્યે પોતાનું કર્તવ્ય કર્મ કરવું એ જ ધર્મ છે.

### **૫. નિસ્વાર્થ કર્મનો મહિમા**

માનવીએ હંમેશા સ્વાર્થ હિન કેટલે કે નિસ્વાર્થ ભાવે જ કાર્યો કરવા અને એને ગીતાના કર્મયોગનો સિદ્ધાંત છે. માનવીએ કઈ પણ કર્મ કરતાં પહેલા, કર્મ કર્યા પછી કે કર્મ કરવાના મુખ્યમાં કયારે પણ પોતાના મનને કળાના વિષપમાં નાસક્ત કે પ્રીતિ ન કરવી જોઇએ તેથી મનુષ્યે હંમેશા કર્મમાંજ પોતાનો અધિકાર રાખવો જોઇએ તેથી ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે,

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
माँ कर्माकलहृदेतुर्भुर्मा ते सङगॉडसत्वकणि ॥

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે મનુષ્ય પોતે ફળનો કામનાવાળો થઇ કર્મના ફલને ઉત્પન્ન કરનારો નથી અર્થાત તુ ફિળની અપેક્ષા ન કર તૃષ્ણા આ જન્મમરણરૂપ સંસારનું કારણ છે. વળી ફળનો અભાવ હોય તો કર્મ કરવાનું શું પ્રયોજન છે ? અથવા કર્ષ દુ:ખ રૂપ છે એમ વિચારો અકર્મમાં અર્થાત કર્મ ન કરવામાં મનુષ્ય પ પ્રીતિ ન થવી જોઇએ કારણ કે સ્વધર્મનો ત્યાગ કરવાથી તુ પ્રત્યવાનને પ્રાણ હશે અને કર્મનો આરબ કરનારને ગો માનવામાં આવે છે.

આથી શ્રી તિલક કહે છે કે નિષ્કામ બુદ્ધિથી કરવાના યોગને કર્મયોગ' એવું નામ ગીતામાં આપેલું છે. વળી આથી જ તો સંસ્કૃત સાહિત્યના કવિ ભર્તુહરિ પોતાના નીતિશત નામના પુસ્તકમાં નિસ્વાર્થ ભાવે કર્મ કરનાર વ્યક્તિ વિશે કહે છે કે,- एते सत्पुरुषा : परर्थाघटका: स्वार्थ परित्यज्य ये

'' જેઓ (મનુષ્ય) સ્વાર્થ ત્યજીને પરોપકાર કરનાર છે તેઓ સજ્જનો છે."

આમ, પોતાનો સહેજ પણ વિચાર કર્યા વિના જે માત્ર પારકાના હિતમાં જ જીવન વિતાવે છે તેવા સમ મહાત્માઓ પ્રથમ હોટિમાં આવે છે. આમ ભગવદ્ ગીતાના કર્મયોગનું અધ્યયન એ માનવજીવન માટે ખૂબજ પ્રેરણા રૂપ બની રહે છે.

**૬. ઉપસંહાર**

આમ આઠી ભગવદ્ગીતામાં કર્મયોગને ખૂબજ સારી રીતે આવરી લેવામાં આવ્યો છે. તેમાં વિવિધ પ્રકારના કર્મોની વાત કરવામાં આવી છે. મનુષ્ય કેવા કર્મો કરવા જોઈએ અને શા માટે કરવા જોઈએ કર્મયોગી મનુષ્ય કેવા હોવો જોઈએ વગેરે બાબતોનો ઉપરોક્ત અધ્યયનમાં આવરી લેવામાં આવ્યું છે જે યર્થાત છે.

**સંદર્ભ સૂચિ**

૧. શ્રીમદ્ભગવદગીત પ્રથમ આવૃત્તિ ૨૦૧૧-૧૨
૨. "ઈશાવાસ્યપિનિષદ" પ્રથમ આવૃત્તિ ૨૦૦૬
૩. (नितिशतकम ) પ્રથમ આવૃત્તિ ૨૦૧૧-૧૨
૪. મનુસ્મૃતિ બીજી આવૃત્તિ ૨૦૦૭